# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

**મુકેશ આંજણા**

ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ

**અખબારી યાદી** **તા. ૧૩-૦૬-૨૦૨૬**

## NEET પેપરલીક અને CBSE અંગે

- **ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા વિશાળ મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું**
- **અખિલ ભારતીય યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ**
- **ભાજપ સરકાર પેપર લીક માફિયાઓને રક્ષણ આપી રહી છે:ઉદય ભાનુ ચિબ**
- **દેશ - પ્રદેશમાં શિક્ષણ વ્યવસ્થા ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ છે: ડૉ પ્રવિણસિંહ વણોલ**

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી લઈને અમદાવાદ યુનિવર્સિટી સુધી ઓલ ઈન્ડિયા યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબની ઉપસ્થિતિમાં તથા ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલની આગેવાની હેઠળ વિશાળ મશાલ રેલી યોજાઈ હતી. આ રેલીમાં NEET પેપર લીક કાંડમાં સંડોવાયેલા માફિયાઓને કડક સજા કરવામાં આવે તેમજ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે તેવી માંગ કરવામાં આવી હતી.

યુવા કોંગ્રેસની વિશાળ મશાલ રેલીમાં ભાગ લેવા આવેલ ઓલ ઈન્ડિયા યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબે જણાવ્યું હતું કે દેશમાં શિક્ષણ વ્યવસ્થા ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ છે. NEET પેપર લીક થવાના કારણે દેશના 22 લાખથી વધુ અને ગુજરાતના 85 હજાર વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ઉભા થયા છે. ભાજપ સરકાર પેપર લીક માફિયાઓને રક્ષણ આપી રહી છે. સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે અને તેજસ્વી વિદ્યાર્થીઓના સપનાઓને તોડી નાખવામાં આવ્યા છે. આજે પેપર લીક દેશની ગંભીર સમસ્યા બની ગઈ છે. જો પેપર લીક માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો દેશની મેધાવી પેઢીનું ભવિષ્ય જોખમમાં મુકાઈ જશે.

વધુમાં, અખિલ ભારતીય યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબે જણાવ્યું હતું કે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પોતાની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપવું જોઈએ. વધુ એક વખત શિક્ષણ વિભાગ પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં નિષ્ફળ રહ્યો છે. જો આ જ સ્થિતિ ચાલુ રહેશે, તો દેશની આવનારી પેઢીનું ભવિષ્ય બરબાદ થઈ જશે.

પરીક્ષા વ્યવસ્થામાં જરૂરી સુધારા કરવામાં નહીં આવે અને પેપર લીકના જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી યુવા કોંગ્રેસનું આંદોલન સતત ચાલુ રહેશે.NTA રદ કરવામાં આવે જોઈન્ટ પાર્લામેન્ટ્રી કમિટી(JPC) બનાવીને પેપર લીક કાંડમાં સંડોવાયેલા તમામ આરોપીને સજા કરવામાં તેવી યુથ કોંગ્રેસે ઉગ્ર માંગ કરી હતી.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે જણાવ્યું હતું કે દેશ અને રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ છે. ગુજરાતમાં પણ વારંવાર પેપર લીકની ઘટનાઓ સામે આવી રહી છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓ તેમજ સખત મહેનત અને પુરુષાર્થ કરનારા યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. NEET પેપર લીકની ઘટના દેશ માટે અત્યંત શરમજનક બાબત છે. ડૉક્ટર બનવાનું સ્વપ્ન જોનારા લાખો વિદ્યાર્થીઓના સપનાઓને વર્તમાન કેન્દ્ર સરકારની નિષ્ફળતાએ તોડી નાખ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો આવી જ સ્થિતિ યથાવત રહેશે, તો દેશનું ભવિષ્ય જોખમમાં મુકાઈ જશે. નીટ પેપર લીકના કારણે ગુજરાત રાજ્યના 85 હજારથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર પડી છે અને તેમની વર્ષોની સખત મહેનત પર પાણી ફરી વળ્યું છે. સરકાર પેપર લીકના મૂળ સુધી પહોંચી જવાબદારો સામે કડક કાર્યવાહી કરે અને વિદ્યાર્થીઓને ન્યાય આપે તેવી અમારી માંગ છે.

આ મશાલ રેલીમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રદેશ પદાધિકારીઓ અને ગુજરાત રાજ્યમાંથી યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાજપ સરકારની નીતિ સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

(મુકેશ આંજણા)

મો. ૯૭૨૩૪૫૮૧૫૮